પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૩૮, કુલ પાના:૪, તારીખ: ૦૫-૧૦-૨૦૨૦ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 38 PRICE :-RS. 1.50 DATE : 05-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોના મહામારીની અસરને લઈ વધુ

## ૧૦ લાખ પરિવારોને રાહત દરે અનાજ આપવાની રૂપાણી સરકારની જાહેરાત

ગાંધીનગર,
રાજયના મુખ્યમંત્રી મુખ્યમંત્રી રૂપાણીએ ૧૦ લાખ પરિવારોને પુરતું અનાજ મળી રહે તે માટે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. હવે ફરી રાજ્યના વધુ ૧૦ લાખ પરિવારોને ફૂડ સિક્યુરિટી એક્ટ અંતર્ગત રાહત દરે અનાજ આપવાનો નિર્ણય લેવાયો છે.



તમામ પરિવારોને ફૂડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત લાભ મળશે. રાજ્યના તમામ દિવ્યાંગ, ગંગા સ્વરૂપા બહેનો, વદ્ધ પેન્શન સહાય યોજનાના લાભાર્થીઓને પણ આ અનાજ વિતરણનો લાભ અપાશે.

કોરોના કાળ દરમિયાન સૌથી વધુ મુશ્કેલી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પડી છે. લોકડાઉન સમયે સરકાર દ્વારા આ પ્રકારના પરિવારોને મફતમાં અનાજ પુરુ પાડવામાં આવ્યું હતું.મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના આ સંવેદનશીલ નિર્ણયથી ૫૦ લાખ જેટલાં ગરીબ-સામાન્ય વર્ગના લોકોને લાભ થશે. હવે એનએફએસએના મળવાપાત્ર તમામ લાભો આ વધુ ૧૦ લાખ પરિવારને પણ મળશે.

એનએફએસએમાં સમાવિષ્ટ ન હોય તેવા બીપીએલ પરિવારોને પણ હવે ફૂડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત લાભ મળશે. આ ઉપરાંત રાજયના તમામ દિવ્યાંગ, ગંગા સ્વરૂપા બહેનો, વદ્ધ પેન્શન સહાય યોજનાના લાભાર્થીઓને પણ આ અનાજ વિતરણનો લાભ અપાશે. શહેરો અને ગામોમાં વસતા રિક્ષાચાલકો, છકડો, મીની ટેમ્પો ચલાવનારા આવા રોજનું કમાઈને રોજ ખાનારા વાહન ચાલકોને પણ રાહત દરે અનાજ વિતરણમાં આવરી લેવાનો નિર્ણય લેવાયો છે.

## ઓક્સફર્ડની કોરોના વેક્સીન આગામી ૩ મહિનામાં તૈયાર થવાની સંભાવના

લંડન,
દુનિયાભરમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. ૧૦ લાખથી વધારે લોકો અત્યાર સુધીમાં મોતને ભેટ્યો છે. કોરોનાના વધતા જતા સંક્રમણ વચ્ચે દુનિયાભરના દેશોને એક એવી વેક્સીનની જરૂરીયાત છે કે આ મહામારી સામે અસરકાર ક અને સુરક્ષીત સાબિત થાય. કોરોના વાયરસની વેક્સીન વિકસીત કરવાની રેસમાં સોથે આગળ ચાલી રહેલી ઓક્સફોર્ડ યૂનિવર્સિટીએ વેક્સીનને લઈને સુખરૂપ સમાચાર આપ્યા છે.

બ્રિટનમાં કોરોના વાયરસની વેક્સીન આગામી ત્રણ




મહિનાની અંદર આવી જશે. એક સમાચાર પત્રએ સરકારી વૈજ્ઞાનિકોના હવાલાથી આ જાણકારી આપી છે. અખબાર પ્રમાણે આ વૈજ્ઞાનિક ઓક્સફોર્ડની વેક્સિન પર કામ કરી રહ્યાં છે અને તેમને આશા છે કે નિયામક તેને વર્ષ ૨૦૨૧ની શરૂઆત પહેલા જ મંજૂરી આપી દેશે. ફાર્માસ્યૂટિકલ્સ કંપની એસ્ટ્રાઝેનેકાની સાથે મળીને ઓક્સફોર્ડ આ વેક્સિનનું પીક્ષણ કરી રહી છે.

બ્રિટિશ સરકારે અત્યારથી જ વેક્સિનના ૧૦ કરોડ ડોઝ બનાવવાનો આદેશ આપ્યો છે. સ્વાસ્થ્ય અધિકારીઓનું અનુમાન છે કે ૬ મહિનાની અંદર જ પ્રત્યેક વયસ્ક વ્યક્તિને વેક્સિન મળી જશે. જોકે સરકારના આ દાવાને લઈને સૌકોઈ એકમત નથી.

અખબારી અહેવાલ પ્રમાણે યૂરોપીય મેડિસન એજન્સી (ઈએમએ)એ ગત ગુરૂવારે કહ્યું હતું કે, તેણે એસ્ટ્રાઝેનેકા અને ઓક્સફોર્ડ યુનિવર્સિટીની સંભવિત કોરોના વેક્સિનના આંકડાની સમીક્ષા શરૂ કરી દીધી છે. એકવાર વેક્સિન આવ્યા બાદ તેને મંજૂરી આપવાની પ્રક્રિયામાં સમય ના વડફાય તે માટે અત્યારથી આ

(અનુ.પાના.નં.૨)

## દેશમાં કોરોનાના કુલ કેસ ૬૫ લાખને પાર: ૨૪ કલાકમાં ૭૫૮૨૯ પોઝિટિવ કેસ

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોના વાઈરસનો કહેર અટકવાનું નામ નથી લઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૫,૮૨૯ પોઝિટિવ કેસો સામે આવ્યાં છે. જ્યારે આજ સમયગાળામાં વધુ ૯૪૦ લોકોના મરણ નોંધાયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, નવા કેસ ઉમેરાવાની સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૫,૪૯,૩૭૪ પર પહોંચી ચૂકી છે. જ્યારે આ જીવલેણ વાઈરસ અત્યાર સુધીમાં ૧,૦૧,૭૮૨ લોકોને ભરખી ચૂક્યો છે.

હાલ દેશમાં ૯,૩૭,૬૨૫ કોરોનાના એક્ટિવ કેસો છે. જો કે રાહતની વાત એ છે કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા કેસો કરતાં સ્વસ્થ થનારા લોકોની



સંખ્યા સતત વધી રહી છે. અત્યાર સુધી કુલ ૫૫,૦૯,૯૬૭ સંક્રમિતો સારવાર બાદ સ્વસ્થ થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે.

જ્યારે ટેસ્ટિંગની વાત કરવામાં આવે તો ત્રીજી ઓક્ટોબર સુધી ૭,૮૯,૯૨,૫૩૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તેમાંથી ૧૧,૪૨,૧૩૧ ટેસ્ટ શનિવારે કરાયા છે. આ જાણકારી સ્વાસ્થ્ય મંત્રાલયે આપી છે.

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪,૩૦,૮૬૧ પર પહોંચી ચૂકી છે. જ્યારે આંધ્ર પ્રદેશમાં ૭,૧૩,૦૧૪ કોરોના પોઝિટિવ કેસ છે. આજ રીતે કર્ણાટકમાં ૬,૩૦,૫૧૬ તમિલનાડુમાં ૬,૧૪,૫૦૭ અને ઉત્તર પ્રદેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪,૧૦,૬૨૬ પર પહોંચી ચૂકી છે.

પશ્ચિમ બંગાળમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૨,૬૬,૯૭૪ અને અત્યાર સુધી ૫,૧૩૨ લોકોના મોત થયા છે. ઝારખંડમાં ૮૬,૨૭૭ કોરોના પોઝિટિવ કેસો છે, જ્યારે અત્યાર સુધી ૭૩૪ સંક્રમિતો મોતને ભેટ્યાં છે. આંકડાકિય દ્રષ્ટિએ ૭ ઓગસ્ટના કોરોનાના કુલ સંક્રમિતોનો આંક ૨૦ લાખને પાર થયો હતો જ્યારે ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરના ૫૦ લાખ દર્દીઓ નોંધાયા હતા. ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખનો આંક પાર થયો હતો તેમજ ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ દર્દીઓનો આંકડો નોંધાયો હતો. એક સપ્તાહથી ઓછા સમયમાં વધુ પાંચ લાખ દર્દીઓ કોરોના સંક્રમિત થતા રવિવારે દેશમાં કુલ કોરોના દર્દીઓનો આંક ૬૫ લાખને વટાવી ગયો છે.

નિમંત્રણ

નવિન જીલ્લા પંચાયત ભવનના ગોધરા ખાતે
ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમ મુ.મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ના વરદ્ હસ્તે
અને શ્રી જયદ્રથસિંહ પરમાર રાજ્યકક્ષાના મંત્રી, કૃષિ, પંચાયત, પર્યાવરણ
(સ્વતંત્ર હવાલો) ની ઉપસ્થિતિમાં થતાં ભાવભર્યુ નિમંત્રણ.


શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત


શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્ય મંત્રી, ગુજરાત



શ્રી રાજપાલસિંહ એમ. જાદવ, પ્રમુખ
શ્રી ગોપાલભાઈ જી. પટેલ, ઉપપ્રમુખ
શ્રી જસવંતસિંહ લક્ષ્મણસિંહ સોલંકી
શ્રી ભાણાભાઈ મનસુખભાઈ ડામોર
શ્રી પ્રતાપસિંહ રામસિંહ રાઠોડ
શ્રીમતી જશોદાબેન જગદીશચંદ્ર બારીઆ
શ્રીમતી કમળાબેન ઈશ્વરભાઈ માછી
શ્રીમતી કૈલાશબેન ઘનશ્યામભાઈ પરમાર
શ્રીમતી કીર્તિબેન મફતભાઈ પટેલ
શ્રી કકુલભાઈ પાઠક
શ્રીમતી સુમનબેન પ્રવિણસિંહ ચૌહાણ
શ્રી સમરસિંહ છગનભાઈ પટેલ
શ્રીમતી રમાબેન રમણભાઈ રાઠોડ
શ્રી પ્રમોદકુમાર અંબાલાલ નાગર
શ્રીમતી ભાવનાબેન અરવિંદભાઈ ડોડીયાર
શ્રી ભદ્રસિંહ ભગવાનભાઈ ઠાકોર
શ્રીમતી લલિતાબેન સાલમસિંહ પરમાર
શ્રીમતી રશ્મિકાબેન જયપ્રકાશ પટેલ
શ્રીમતી વીનાબેન દીનેશભાઈ રાઠવા



તા.૦૫/૧૦/૨૦૨૦, સોમવાર સમય : સવારે ૧૦ કલાકે.

સમારોહના મુખ્ય મહેમાન

શ્રી રતનસિંહ રાઠોડ
માન.સાંસદ, પંચમહાલ

શ્રી સી.કે. રાઉલજી
માન.ધારાસભ્ય, ગોધરા

શ્રી જેઠાભાઈ આહિર (ભરવાડ)
માન.ધારાસભ્ય, શહેરા

શ્રીમતી ગીતાબેન રાઠવા
માન.સાંસદ, છોટાઉદેપુર

શ્રીમતી સુમનબેન ચૌહાણ
માન.ધારાસભ્ય, કાલોલ

સ્થળ : જૂની જીલ્લા પંચાયત કચેરી, ગોધરા.

નિમંત્રક

એ.જે. શાહ (IAS)
જીલ્લા વિકાસ અધિકારી
પંચમહાલ-ગોધરા

રાજપાલસિંહ જાદવ
પ્રમુખ, જીલ્લા પંચાયત
પંચમહાલ-ગોધરા

અમિત અરોરા (IAS)
કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા


શ્રી જયદ્રથસિંહ પરમાર
રાજ્ય કક્ષાના મંત્રી,
કૃષિ, પંચાયત, પર્યાવરણ
(સ્વતંત્ર હવાલો)


શ્રી રાજપાલસિંહ જાદવ
પ્રમુખ, જીલ્લા પંચાયત,
પંચમહાલ - ગોધરા



શ્રીમતી કેતુબેન મચંકભાઈ દેસાઈ
શ્રીમતી રશ્મિતાબેન દુષ્યંતસિંહ ચૌહાણ
શ્રી લલુભાઈ કલજીભાઈ રાઠવા
શ્રીમતી સવિતાબેન અર્જુસિંહ સુથાર
શ્રી ખાતુભાઈ ગુલાબભાઈ પગી
શ્રી સરદારસિંહ મગનભાઈ બારીઆ
શ્રીમતી હીનાબેન સુરેશભાઈ સોલંકી
શ્રીમતી ગજરાબેન સુરેશભાઈ કટારા
શ્રી અરવિંદભાઈ રાયસિંહ કોળી
શ્રી કરશનભાઈ ખાલપાભાઈ રાઠવા
શ્રી હિંમતસિંહ કોયાભાઈ બારીઆ
શ્રીમતી ઉષાબેન પ્રભાતસિંહ પટેલ
શ્રીમતી સવિતાબેન વિનાભાઈ રાઠવા
શ્રી ગુલસિંહ ભગવાનસિંહ રાઠવા
શ્રી વનરાજસિંહ કિરણસિંહ સોલંકી
શ્રી લક્ષ્મણસિંહ સોમાભાઈ ખરાડી
શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ
શ્રીમતી તખીબેન નર્વતભાઈ રાઠવા
શ્રીમતી ધુરીબેન સોમાભાઈ રાઠવા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

### મહીસાગર પોલીસ વડા પાસે રિપોર્ટ માંગ્યો

# સંતરામપુર સામૂહિક દુષ્કર્મ કેસમાં મહિલા આયોગના ચેરમેને તપાસના આદેશ

મહીસાગર,

મહીસાગર જિલ્લાના સંતરામપુર ટાઉન વિસ્તારમાં એક ગરીબ મહિલા વિધર્મી યુવકો દ્વારા દુષ્કર્મ ગુજારવાની ઘટના સામે આવી હતી. આ મામલે ગુજરાત રાજ્ય મહિલા આયોગના ચેરમેન લીલાબેન અંકોલિયા ગંભીર નોંધ લઈને તપાસના આદેશ આપ્યા છે અને ગેંગ રેપ મામલે મહીસાગર પોલીસ વડા પાસે રિપોર્ટ માંગ્યો છે. વિધર્મી યુવાનો દ્વારા ગેંગ રેપ કરીને મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હતી. જેથી મહિલાએ પોલીસમાં ફરિયાદ



નોંધાવી છે. પોલીસે બન્ને આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપીઓએ મહિલાને પોતાના ઘરે બોલાવીને ડરાવી ધમકાવીને સામૂહિક દુષ્કર્મ આચર્યુ. મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકા વિસ્તારની ગરીબ મહિલા પર સંતરામપુર ટાઉન વિસ્તારના વિધર્મી યુવાનો દ્વારા બ્લેક મેલ કરીને ધમકીઓ આપી છેલ્લા ૧૫ દિવસથી હેરાન પરેશાન કરીને મહિલા પર વારંવાર ગેંગ રેપ કરવામાં આવતો હતો. આરોપીઓએ મહિલાને પોતાના ઘરે બોલાવીને ડરાવી ધમકાવીને વારાફરથી ગેંગરેપ આચરીને પીડિત મહિલાના બાળકોને મારી નાખવા સહિતની ધમકી આપતા હતા, પરંતુ, પીડિત મહિલાએ સાહસ કરીને સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી સંતરામપુર પોલીસે ગણતરીના કલાકોમાં બન્ને આરોપીની ધરપકડ કરી લીધી હતી.

પૂછપરછમાં બંન્ને આરોપીઓએ દુષ્કર્મ કર્યુ હોવાનું સામે આવ્યું હતું. બંને આરોપી પીડિતાને ખોટી રીતે બ્લેકમેઈલ કરીને ફોન કરીને વારંવાર બોલાવીને તેની મરજી વિરૂદ્ધ વારાફરતી દુષ્કર્મ આચરતા હતા. મહિલાએ સહન ન થતા સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો હતો. સંતરામપુર પોલીસે ગણતરીના સમયમાં જ બંને આરોપીને ગણતરીના સમયમાં ઝડપી લઈને ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. હવે આ મામલે ગુજરાત રાજ્ય મહિલા આયોગે ગંભીર નોંધ લીધી છે અને આયોગના ચેરમેન લીલાબેન અંકોલિયાએ તપાસના આદેશ આપ્યા છે અને ગેંગ રેપ મામલે મહીસાગર પોલીસ વડા પાસે રિપોર્ટ માંગ્યો છે.

**સંતરામપુર ગેંગ રેપની ઘટનામાં બે ઈસમોની પોલીસે ધરપકડ કરી દુષ્કર્મની ઘટનામાં ખુટતી કડીઓ મેળવવા માટે એફ.એસ.એલ. દ્વારા તપાસ કરવામાં આવી સાથે દુષ્કર્મની ભોગ બનેલ મહિલાનું જ્યુડીશીયલ જજ સમક્ષ ૧૬૪ મુજબ નિવેદન લેવામાં આવ્યું.**

## મહીસાગર જિલ્લામાં આજે ૫ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૦૯૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૨ પુરુષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૪-૧૦-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૦૯૮ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૯૫૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૩ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/કોરોનાના કુલ ૫૫૪૮૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૨ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૬૧ દર્દી હોમ આઈસોલેશન, ૦૬ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૦ દર્દી SDH સંતરામપુર, ૦૬ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૯૪ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

## જામનગરમાં ઊંઘની દવા પીવડાવી ૧૭ વર્ષની સગીરાને ચાર યુવકોએ પીંખી

જામનગર,

ઉત્તરપ્રદેશમાં હાથરસ ગેંગરેપની ઘટનાના પડઘા દેશભરમાં પડી રહ્યા છે. અને બળાત્કારીઓને ફાંસી જેવી કડક સજાની માગ કરવામાં આવી રહી છે. ગેંગરેપ બાદ દલિત યુવતીના મોતની સ્યાહી સૂકાઈ પણ નથી ત્યાં જામનગરમાંથી શર્મસાર કરતો એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ચાર નરાધમોએ ૧૭ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યુ હતું. આ મામલે પોલીસે ૩ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

હાથરસની ઘટના બાદ ગુજરાતમાં પણ સતત સામુહિક દુષ્કર્મની ઘટનાઓ સામે આવી રહી છે. સંતરામપુરની મહિલા સાથે દુષ્કર્મની ઘટના બાદ જામનગરમાંથી ગેંગરેપની ઘટનાને કારણે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જામનગરમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને આરોપીઓએ ઊંઘની દવા પીવડાવી દીધી હતી. અને તે બાદ ચારેય આરોપીઓએ સગીરા પર સામુહિક દુષ્કર્મ આચર્યુ હતું.

હાલ ૧૭ વર્ષીય સગીરાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. અને તેની સારવાર ચાલી રહી છે. તો આ મામલે ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે તાબડતોડ ૩ નરાધમોની ધરપકડ કરી લીધી છે. જ્યારે હજુ એક હવસખોર પોલીસ પકડથી દૂર છે. તેવામાં હવે દીકરીઓને સુરક્ષિત રાખવા માટે સરકારે કડક કાયદાની જરૂર છે. ગેંગરેપ જેવી આવી ઘટનાઓને કારણે ગાંધીનું ગુજરાત બદનામ થઈ રહ્યું છે.

## શહેરાના બલુજીના મુવાડા ગામે બાઈક અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં બાઈક ચાલકનું મોત



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા ના બલૂજીના મુવાડા પાસે ટ્રેક્ટર અને બાઈક વચ્ચે અકસ્માત થતા બાઈક ચાલકને શરીરે ગંભીર ઈજા થતાં તેની ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. શહેરા તાલુકાના બલુજીના મુવાડા પાસે સંતરામપુર તાલુકાના આંજણવા ગામના હરેશભાઈ રણછોડભાઈ ધોરી બાઈક ઉપર પસાર થતી વખતે તેમની બાઈકને ટ્રેક્ટર સાથે અકસ્માત થયો હતો. આ અકસ્માત થયા બાદ ટ્રેક્ટર ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો.જ્યારે ત્યાંથી પસાર થતા રાહદારીઓ અકસ્માત જોતા મદદે દોડી આવ્યા હતા.આ બનેલા બાઈક અને ટ્રેક્ટર અકસ્માતમાં બાઈક સવાર ને ગંભીર ઈજા થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત બાઈક સવાર હરીશ ને શરીરે ગંભીર ઈજાઓ થવાથી સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારજનો ઘેરો શોક છવાયો હતો. આ મામલે સ્થાનિક પોલીસે ટ્રેક્ટર ચાલક સામે કાર્યવાહી હાથ ધરી હતી.

(પાન નં.૧ નું ચાલુ)

### ઓક્સફર્ડની કોરોના વેક્સીન.....

તૈયારીઓ કરી લેવામાં આવી છે. મહત્વની બાબત એ છે કે, કોરોનાથી એક લાખ કરતા મૃત્યુ માત્ર યૂરોપમાં જ થયા છે. રસીકરણ પર બનાવવામાં આવેલા પ્રોટોકોલ પ્રમાણે સૌથી પહેલા તે વેક્સિન ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવશે. ત્યારબાદ ૫૦ વર્ષથી વધુની ઉંમરના લોકોને અપાશે. હાલ બાળકોને આ રસીકરણ કાર્યક્રમમાંથી બહાર રાખવામાં આવ્યા છે.

અહેવાલ પ્રમાણે વૈજ્ઞાનિકોને આશા સેવી રહ્યાં છે કે, આ વેક્સિનથી પચાસ ટકા સંક્રમણ રોકવામાં સફળતા મળશે. એક વાર નિયામકથી વેક્સિનને મંજૂરી મળી ગયા બાદ નેશનલ હેલ્થ સર્વિસ (NHS)ને તત્કાલ સામૂહિક રસીકરણ શરૂ કરવા માટે કહેવામાં આવી શકે છે. પરંતુ બ્રિટિશ સરકારમાં પ્રત્યેક વયસ્કના રસીકરણની સમયાવધિને લઈને મતભેદ છે.

## મહીસાગર જિલ્લામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજીત યોગમય ગુજરાત અંતર્ગત યોગસંવાદ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજીત યોગમય ગુજરાત અંતર્ગત યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજીના અધ્યક્ષ સ્થાને યોગસંવાદ કાર્યક્રમ લુણાવાડા બાવન પાટીદાર સમાજ ઘર હોલ ખાતે યોજાયો.

એક વર્ષમાં એક લાખ યોગ ટ્રેનરના સંકલ્પના માધ્યમથી રાજ્યના તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દરેક શેરી મહોલ્લા, ફળીયા, સોસાયટીમાં ઘર ઘર સુધી યોગને પહોંચાડવાની અભ્યર્થના વ્યક્ત કરી ભોગમય જીવનની જીવન શૈલી બદલી યોગમય બનાવવા તરફ યોગસંવાદ સાધી જનજનને સંદેશ પાઠવ્યો હતો.

આ કાર્યક્રમમાં મહીસાગર યોગ ગર્લ તરીકે જાણીતી બનેલી સંતરામપુર નરસિંગપુર પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની કુમારી કાજલ રાવતે અદભૂત યોગ નિદર્શન કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. યોગ વિશે વિડિઓ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન ખાંટ, ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવક, યોગ બોર્ડના સભ્ય ભાનુભાઈ ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ જે.પી.પટેલ, પાલિકા પ્રમુખ બ્રિન્દાબેન શુક્લ, પ્રાંત અધિકારી બ્રિજેશ મોડિયા, જિલ્લા યોગ કોચ સુનિલભાઈ જોશી, શિક્ષણ નિરીક્ષક જયેશભાઈ પટેલ, સંતો, મહંતો, પતંજલિ યુવા પ્રભારી જીગરભાઈ પટેલ સહિત સમિતિના સભ્યો, યોગ ટ્રેનર્સ, નાગરિકો કોવિડ ગાઈડલાઈનને અનુસરી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વ્યવસ્થા જિલ્લા યોગ કોચ સુનિલભાઈ જોશી તથા યોગટ્રેનરો અને સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ મહીસાગર દ્વારા કરવામાં આવ્યુ હતું.

## સંતરામપુરમાં ખાતે દલિત સમાજ દ્વારા મામલતદારને આવેદન આપ્યું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું ઉત્તર પ્રદેશના હાથ જિલ્લાના ભુલકડી ગામની વાલ્મિકી વાલ્મીકિ સમાજની દીકરી સાથે રેપ કરીને મારી નાખવામાં આવેલી તેના સંદર્ભમાં વાલ્મિકી સમાજ દ્વારા ગુનેગારોને ફાંસીની સજા મળે અને વારંવાર દલિત સમાજની દિકરીઓ સાથે રેપ કેસના બનાવો વધતા જાય દલિત સમાજમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. આવા આરોપી અને ગુનેગારો સામે કડક સજા કરવામાં આવે વાલ્મિકી સમાજના અગ્રણીઓની માગ છે અને આવેદન પત્ર જીલ્લા મહામંત્રી રાજુભાઈ સોલંકી આગેવાની હેઠળ આવેદનપત્ર આપ્યું હતું.

## ગુજરાત યુનિમાં વાઈલ્ડલાઈફ બાયોલોજી સહિત ૧૨ નવા અભ્યાસક્રમ શરૂ કરાશે

અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટ અને એકેડમિક કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. જેમાં કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીમાં ૧૨ નવા અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વાઈલ્ડ લાઈફ બાયોલોજી અને સાયબર સિક્યોરિટી સહિત અલગ અલગ ૧૨ અભ્યાસક્રમ શરૂ થશે. ગર્ભસંસ્કાર અંગેના વેબીનારનું આયોજન કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના પ્રારુપનો પણ સ્વીકાર કરી તેને આનુસંગીક વેબીનાર અને ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

શનિવારે ઓનલાઈન મળેલી સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં કુલપતિ હિમાંશુ પંડ્યા, ઉપકુલપતિ ડો. જગદીશ ભાવસાર, રજિસ્ટ્રાર અને સિન્ડિકેટ સભ્યો હાજર રહ્યા હતા. બેઠકમાં યુનિવર્સિટીના કર્મચારીઓ અને અધ્યાપકો માટે રિસર્ચ, પેટન્ટ અને પબ્લિકેશન સંદર્ભમાં ખાસ પ્રમાણપત્ર આપવા, ખાસ પ્રકારના એક્સ્ટર્નલ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને એક્ઝામ સબમિશન અને ડિનની પરીક્ષા માટે સૂચવેલ નીતિ મુજબ પરિણામની પ્રક્રિયા કરવી. જે વિદ્યાશાખામાં એમબીપીનો લાભ આપવામાં આવ્યો છે.

તેના ૨૦૧૯-૨૦ના વિદ્યાર્થીઓ કોરોનાનાં કારણે ફોર્મ ભરી શક્યા નથી. તેઓને ફોર્મ ભરવાની તક આપી પરિણામ પ્રકિયા હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટી ઓનલાઈન ટીચિંગ અને લર્નિંગ તેમજ કોમ્યુનિકેશન સેન્ટરની સ્થાપના કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીને એનઆઈઅરએફ ટોપ ૧૦૦માં સ્થાન મળતા ઓનલાઈન અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. નૈસર્ગિક ખેતી, ખેડૂત તાલીમ, સપ્લાય ચેન મેનેજમેન્ટ અને મૂલ્યવર્ધિતતાને લાગતા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૫-૧૦-૨૦૨૦, સોમવાર, અધિક આસો વદ-૩
સૂર્યોદય-૬-૪૧, સૂર્યાસ્ત-૬-૩૯, જૈન નવકારશી-૭-૨૯,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ ભરણી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>અભિજીત-૧૨-૧૧થી ૧૨-૫૯ સુધી, ૬-૪૧થી અમૃત-૮-૦સુધી,૯-૩૮થી શુભ-૧૧-૦૬ સુધી, ૧૪-૦૪થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૦૧ સુધી, ૨૩-૦૪થી લાભ-૨૪-૩૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૪૧ થી ૭-૪૦ સુધી, ૮-૩૯થી ૯-૩૮ સુધી, ૧૧-૩૫ થી ૧૪-૩૩ સુધી, ૧૫-૩૨ થી ૧૬-૩૧ સુધી |

## દૈનિક રાશીફળ

**તા.૦૫.૧૦.૨૦૨૦ સોમવાર**

મેષ(અ.લ.ઈ.) :- વ્યવસાય ક્ષેત્રે નવી તક મલવાની છે. તમો ઈચ્છો છો તે પ્રમાણે સફળતા મેળવવા વધુ મહેનત કરવી પડે.
વૃષભ(બ.વ.ઉ.) :- મહત્વના પરિવર્તન શકય બને સ્વાસ્થ્ય બાબત સુધારા વાળો દિવસ રહે. નોકરીમાં પગાર વધારો શકય બને.
મિથુન(ક.છ.ઘ.) :- નોકરીમાં નવી ઓફર આવે સાઈડમાં આવકનું પ્રમાણ વધારવાના પ્રયત્નો ફળે યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.
કર્ક(ડ.હ.) :- પરિવારના સભ્યોના જરૂરીયાતોમાં વધારો થવાનો નવી યોજના સફળ થવાની રહેણાકના મકાનમાં સુધારા કરવાની ઈચ્છા ફળે.
સિંહ(મ.ટ.) :- આત્મવિશ્વાસ જાળવી રાખવો કર્જમાં પ્રશ્નોથી દુર રહેજો લગ્ન ઈચ્છુકોને મનગમતી ઓફર આવે પ્રવાસ થાય.
કન્યા(પ.ઠ.ણ.) :- શેર સટ્ટામાં અગાઉ કરેલું રોકાણ ફળવાનું છે. નોકરીમાં ચીવટ રાખવી કર્મચારી વર્ગની સાથે સુમેળ રાખવો.
તુલા(ર.ત.) :- વડીલ વર્ગનો સહકાર સારો રહે. રાજકીય રીતે લાભ નોકરીમાં બદલી પ્રમોશનના ચાન્સ રહે.
વૃશ્ચિક(ન.ય.) :- કારણ વગરનો તનાવ રહે. આત્મવિશ્વાસ કેળવવો. વિદેશથી ભાગ્યોદયની તક ઉભી થાય.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- સામાજીક પ્રતિષ્ઠા વધવાની મોસાળથી લાભ સગાઈ લગ્નના કાર્યમાં અનુકુળતા કર્જમાં રાહત.
મકર(ખ.જ.) :- નોકરીમાં સફળતા નવી યોજના વડીલોનો સહકાર રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.
કુંભ(ગ.શ.સ.) :- મિલ્કતના પ્રશ્નોમાં કોઈની સલાહ લેજો નવી ઓળખાણ થાય. આવકનું પ્રમાણ વધવાનું છે.
મીન(દ.ચ.ઝ.) :- મહત્વના કાર્યમાં કોઈ ઉતાવળા નિર્ણયો ન લેવા સ્વાસ્થ્ય જાળવવું આવકનું પ્રમાણ વધવાનું નોકરીમાં લાભ રહે.

### ગોધરા ના મહે. એડી સીવીલ જજ અને જ્યુ. મેજી.ફ.ક. (શ્રી એસ.કે.પટેલ સાહેબ) કોર્ટમાં, ગોધરા, પંચમહાલ.

**અરજદારના વકીલ શ્રી જી.વી.પટેલ** — ક્રિમિનલ પરચુરણ અરજી નં – ૧૧૪ / ૨૦૨૦ આંક– ૪

અરજદાર : - કાનજીભાઈ ભુરાભાઈ પટેલ
રહે : - મંદીર ફળીયુ, જુના મોર ડુંગરા, સાંપા, તા.ગોધરા, જી, પંચમહાલ

વિ.

સામાવાળા : -તલાટી કમ મંત્રી શ્રી, ગ્રામ પંચાયત સાંપા,
ગ્રામ પંચાયત કચેરી સાંપા, તા.ગોધરા, જી પંચમહાલ

:: જાહેર નોટીસ ::

આથી લાગભાગ, હકક હીત ધરાવતા ઈસમો ને આ જાહેર નોટીસ થી જણાવવામાં, આવે છે કે અરજદાર નામે કાનજીભાઈ ભુરાભાઈ પટેલ રહે : – મંદીર ફળીયુ, જુના મોર ડુંગરા, સાંપા, તા.ગોધરા, જી. પંચમહાલ નાઓ એ તેમના ભાઈ બુધાભાઈ ભુરાભાઈ પટેલના મરણ ની નોંધણી સામાવાળાના દફતરે કરાવવા માટે ઉપરોકત નંબર ની અરજી દાખલ કરેલ છે. બુધાભાઈ ભુરાભાઈ પટેલનું મરણ તા ૨૦–૫– ૨૦૧૪ ના રોજ સાંપા મુકામે માંદગી ના કારણે થયેલ છે. આથી જે કોઈ ઈસમોને/વાંધેદારોને ઉકત મરણની નોંધ થવા/કરાવવા સામે વાંધો યા તકરાર હોય તો તમો એ વાંધા/પુરાવા સહીત અત્રે ની અદાલત માં નોટીસ પ્રસિધ્ધ થયે થી મુદત તા.૦૩/૧૧/૨૦૨૦ સુધી માં વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો વાંધો યા તકરાર નથી તેમ ગણી અરજદારજનો યોગ્ય જણાશે તો ધોરણસર ની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજરોજ તારીખ ૩૦ સપ્ટેમ્બર સને ૨૦૨૦ ના રોજ મારો સહી તથા સિક્કો કરી આપ્યું.

| તૈયાર કરનાર | (સિક્કો) | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (વી.જી. અટવાલ) | | (આર.એમ. ભાટીયા) | (એ.જે. દવે) |
| આસીસ્ટન્ટ | | શીરસ્તેદાર | ઈ.ચા.રજીસ્ટ્રાર |

### ગોધરા ના મહે. એડી સીવીલ જજ અને જ્યુ. મેજી.ફ.ક. (શ્રી એસ.કે.પટેલ સાહેબ) કોર્ટમાં, ગોધરા, પંચમહાલ.

**અરજદારના વકીલ શ્રી જી.વી.પટેલ** — ક્રિમિનલ પરચુરણ અરજી નં – ૧૧૨ / ૨૦૨૦ આંક– ૪

અરજદાર ; - ફતેસિંહ ભાવાભાઈ બારીઆ
રહે : - પીપલીચા (પૂર્વ), તા ગોધરા, જી પંચમહાલ.

વિ.

સામાવાળા : -તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત પીપલીચા (પૂર્વ)
ગ્રામ પંચાયત કચેરી પીપલીચા (પૂર્વ), તા. ગોધરા, જી પંચમહાલ.

:: જાહેર નોટીસ ::

આથી લાગભાગ, હકક હીત ધરાવતા ઈસમો ને આ જાહેર નોટીસ થી જણાવવામાં આવે છે કે અરજદાર નામે ફતેસિંહ ભાવાભાઈ બારીઆ રહે : – પીપલીચા (પૂર્વ) તા.ગોધરા, જી.પંચમહાલ નાઓએ તેમના પિતાશ્રી નામે ભાવાભાઈ જેરાભાઈ બારીઆ ના મરણ ની નોંધણી સામાવાળા ના દફતરે કરાવવા માટે ઉપરોકત નંબર ની અરજી દાખલ કરેલ છે. ભાવાભાઈ જેરાભાઈ બારીઆ નું મરણ તા.૨૦–૦૪–૧૯૯૫ ના રોજ પીપલીચા (પૂર્વ) મુકામે માંદગી ના કારણે થયેલ છે. આથી જે કોઈ ઈસમોને/વાંધેદારોને ઉકત મરણ ની નોંધ થવા/ કરાવવા સામે વાંધો યા તકરાર હોય તો તમો એ વાંધા/પુરાવા સહીત અત્રે ની અદાલતમાં નોટીસ પ્રસિધ્ધ થયે થી મુદત તા. ૨૩/૧૧/૨૦૨૦ સુધી માં વાંધા રજૂ કરવા બીનચુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો વાંધો યા તકરાર નથી તેમ ગણી અરજદાર નો યોગ્ય જણાશે તો ધોરણસર ની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજરોજ તારીખ ૩૦ સપ્ટેમ્બર સને ૨૦૨૦ ના રોજ મારો સહી તથા સિક્કો કરી આપ્યું.

| તૈયાર કરનાર | (સિક્કો) | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (વી.જી. અટવાલ) | | (આર.એમ. ભાટીયા) | (એ.જે. દવે) |
| આસીસ્ટન્ટ | | શીરસ્તેદાર | ઈ.ચા.રજીસ્ટ્રાર |

વન વિભાગ ગુજરાત રાજ્ય
સત્યમેવ જયતે ગુજરાત સરકાર

વન્યજીવો - આપણું ગૌરવ, આપણો અમૂલ્ય વારસો છે.



આવો... આપણા વન્યજીવોનું રક્ષણ કરીએ

વન્યજીવ સપ્તાહ
૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૦




સમગ્ર ભારતમાં ગીર નેશનલ પાર્ક, ગીર સેન્ચુરી તથા ગીરનાર સેન્ચુરીના જંગલોમાં એશિયાઈ સિંહ આવેલા છે જેની વસ્તી સને ૨૦૧૫માં ૫૨૩ હતી જે હાલમાં વધીને સને ૨૦૨૦માં ૬૭૪ થયેલ છે



સમગ્ર ગુજરાતમાં જોવા મળતા દિપડાની વસ્તી સને ૨૦૧૧માં ૧૧૬૦ હતી જે વધીને સને ૨૦૧૬માં ૧૩૯૫ થયેલ છે



ગુજરાતમાં કાળિયારની વસ્તી વેળાવદર નેશનલ પાર્ક ખાતે સને ૨૦૧૫માં ૧૪૨૮ છે



સમગ્ર ભારતમાં ઘુડખર ફક્ત ગુજરાતનાં ધ્રાંગધ્રા ઘુડખર અભયારણ્યમાં જોવા મળે છે જેની વસ્તી સને ૨૦૧૪માં ૪૪૫૧ થી વધીને સને ૨૦૨૦માં ૬૦૮૨ થયેલ છે



ગુજરાતમાં ગીરનેશનલ પાર્કમાં સાંભરની વસ્તી સને ૨૦૧૧માં ૪૪૯૭ હતી જે વધીને સને ૨૦૧૫માં ૭૧૭૬ થયેલ છે



ગુજરાતમાં બાલારામ અંબાજી, જેસોર, શૂલપાણેશ્વર અને રતનમહાલ અભયારણ્યમાં રીંછની વસ્તી સને ૨૦૧૧માં ૨૯૩ હતી જે વધીને સને ૨૦૨૦માં ૩૯૩ થયેલ છે



ગુજરાતમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ સેન્ચુરી ખાતે ઘોરાડની વસ્તી સને ૨૦૧૬માં ૨૫ છે

"માસ્ક પહેરીએ, સાબુથી વારંવાર હાથ ધોઈએ, સામાજિક અંતર જાળવીએ અને સુરક્ષિત રહીએ."
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

વન વિભાગ, ગુજરાત રાજ્ય

# લીમખેડાના ફુલપુરા ગામ પાસે લીમડીથી આણંદ જતી ખાનગી લકઝરી પલ્ટી જતાં એક બાળકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ફુલપુરા ઘાટામાં લીમડીથી ખાનગી પેસેન્જરો ભરીને આણંદ જતી એક ખાનગી લકઝરી બસના ચાલકે સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા રોડની સાઈડમાં પલ્ટી મારી જતા એક બાળકનું ઘટના સ્થળે મોત નિપજયાનું તેમજ અન્ય ૧૫ થી વધુ પેસેન્જરો ઈજાગ્રસ્ત થયાં હતા.

લીમખેડા તાલુકાના ફુલપુરા ઘાટીમાં આજરોજ ખાનગી બસને અકસ્માત નડયો હતો. મળતી માહિતી અનુસાર લીમડીથી આંણદ ડેઈલી સર્વિસ ચાલતી ખાનગી ટ્રાવેલ્સ આજરોજ દરરોજની જેમ મુસાફરો ભરી લીમડી થી રવાના થઈ હતી. અને રસ્તામાં ફુલપુરા ઘાટીમાં ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો.લીમડીથી આણંદ જતી ખાનગી ટ્રાવેલ્સમાં મુસાફરી કરતા મુસાફરોમાં એક બાળકનું બસનીચે દબાઈ જતા મોતને ભેટ્યો હતો. અને ૧૫થી વધુ મુસાફરોને ૧૦૮ મારફતે સારવાર અર્થે દાહોદના ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.લીમડીથી આણંદ જતી ખાનગી ટ્રાવેલ્સની બસને ફુલપુરા ઘાટામાં અકસ્માત નડ્યો હતો.જેમાં એક બાળકનું મોત થયું હતું.તેમજ ૧૫ જેટલાં મુસાફરો ઘાયલ થયાં હતા.આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા મુસાફરોના ક્ષતવિક્ષત થયેલા અંગઉપાંગો ઘટનાસ્થળે જોવા મળ્યા હતા.તેમજ મુસાફરોની હૈયાફાટ ચિચિયારીથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.જયારે ઘટના બાદ ભેગા થયેલા આસપાસના લોકોએ ઈજાગ્રસ્તોને બહાર કાઢી ૧૦૮ મારફતે સારવાર અર્થે મોકલવામાં મદદ કરી હતી. ત્યારે પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી વાહન વ્યવહાર રાબેતા મુજબ કરાવી આ સંબંધે ફરિયાદ લખવાની તજવીજ હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૩ કોરોના પોઝીટીવ દર્દીના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૬૨૦ ને પાર થવા પામ્યો છે અને એક્ટીવ કેસની સંખ્યા ૭૬ ઉપર પહોંચી છે.

દાહોદમાં આજે આરટીપીસીઆરના ૧૭૭ પૈકી ૨ અને રેપીટ ટેસ્ટના ૯૩૭ પૈકી ૧ એમ કુલ મળી આજે ૦૩ કોરોના પોઝીટીવ દર્દીનો સમાવેશ થયો હતો. આ સાથે કુલ આંકડો ૧૬૨૦ ને પાર થયો છે. આજે વધુ ૧૦ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાતા એક્ટીવ કેસની સંખ્યા ૭૬ રહેવા પામી છે. ત્યારે બીજી તરફ અત્યાર સુધી કોરોનાથી ૭૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આમ, દાહોદ જિલ્લામાં કોરોનાનો આંકડો ઉતાર ચઢાવ સાથે આગળ વધી રહ્યો છે.

# ફતેપુરાના લખણપુર ગામે ST બસની અડફેટમાં બે બાઈક સવારને ઈજાઓ

દાહોદ,

ફતેપુરા તાલુકાના લખણપુર ગામે એક એસ.ટી.બસના ચાલકે પોતાના કબજાની બસ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મોટરસાઈકલ પર સવાર એક મહિલા સહિત બે જણાને અડફેટમાં લઈ શરીરે,હાથે, પગે ગંભીર ઈજાઓ પહોંચાડી એસ.ટી.બસનો ચાલક સ્થળ પર બસ મુકી નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

દાહોદ જિલ્લાને અડીને ફતેપુરા તરફ સરહદી વિસ્તાર રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના નવાઘરા તાલુકાના થળીચતાઈ ગામેરહેતા સચીનભાઈ લાલસીંગભાઈ ખાંટ અને તેમની સાથે વંદનાબેન એમ બંન્ને જણા ગત તા.૦૨ સપ્ટેમ્બરના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ પર સવાર થઈ કુંડલા ગામેથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. રસ્તામાં ફતેપુરા તાલુકાના લખણપુર ગામે એક એસ.ટી.બસના ચાલકે પોતાના કબજાની બસ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સચીનભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં સચીનભાઈ અને વંદનાબેનને માથાના ભાગે, પગે ફ્રેકચર તથા સાથળના ભાગે ઈજાઓ પહોંચાડી બસનો ચાલક ફરાર થઈ ગયો હતો.

આ સંબંધે ઈજાગ્રસ્ત સચીનભાઈ લાલસીંગભાઈ ખાંટ દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆના પાંચીયાસાલ ગામેથી રીક્ષામાં લઈ જવાતો ૩૭ હજારનો દારૂ ઝડપ્યો

દે.બારીઆ

દેવગઢ બારીઆ તાલુકાના પાંચીયાસાલ ગામે પોલીસની નાકાબંધી દરમ્યાન એક ઓટો રીક્ષામાંથી પોલીસે વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૭૨ કિંમત રૂા.૩૭,૪૪૦ તેમજ મોબાઈલ ફોન અને રીક્ષા મળી કુલ રૂા.૧,૩૮,૪૪૦ ના મુદ્દામાલ સાથે બે વ્યક્તિઓની અટક કર્યાનું જાણવા મળે છે.

રવીભાઈ ડાહ્યાભાઈ પરમાર (રહે.શાંતીનગર,વડોદરા) અને નરેશભાઈ માનસીંગભાઈ બારીયા (રહે.વાંદર, તળાવ ફળિયુ,દેવગઢ બારીઆ) આ બંન્ને જણા ગત તા.૦૩ સપ્ટેમ્બરના રોજ પોતાના કબજાની ઓટો રીક્ષામાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં હતા. આ દરમ્યાન પાંચીયાસાલ ગામે નાકાબંધીમાં ઉભેલ પોલીસને શંકા જતાં તેઓએ આ રીક્ષા ઉભી રખાવી તેની અંદર તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૭૨ કિંમત રૂા.૩૭,૪૪૦ અને ઓટો રીક્ષાની કિંમત તેમજ મોબાઈલ વિગેરે મળી કુલ રૂા.૧,૩૮,૪૪૦ ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત બંન્ને જણાની અટક કરી સાગટાળા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ફતેપુરાના ગામે ધાબા ઉપર ચડેલ ૨૦ વર્ષીય યુવાન કરંટ લાગતાં મોત

દાહોદ,

ફતેપુરાના તળાવ ફળિયામાં રહેતા ૨૦ વર્ષીય સુનિલભાઈ મહેશભાઈ નાયકને ધાબા પર કામ અર્થે ચડયા હતા.ત્યારે ધાબા પરથી પસાર થઈ રહેલા હેવી લાઈનના વાયર સાથે અચાનક હાથ અડી જતાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયુ હતું. ફતેપુરા તાલુકામાં ધંધાર્થે આવેલા યુ.પીના કાનપુર જિલ્લાના બલીયાપુર ગામના રહેવાથી સુનિલભાઈ મહેશભાઈ નાયક ઉંમર વીસ વર્ષીય કે જેઓ ફતેપુરામાં બાલ લે-વેચનો ધંધો કરતા હતા.ત્યારે આજે રવિવારનો સમય હતો.અને રજાના દિવસ હતો.ત્યારે તે પોતાના ભાડાના મકાનમાં રહેતા હતા કે મકાનના ધાબા પરથી હેવી વીજ વાયરની લાઈન જતી હતી.ક્યારે તેમને ધાબા પર કંઈક કામ અર્થે ગયા હતા.તે સમયે ધાબા પરથી પસાર થતી ૧૧કે.વી હેવી લાઇનને અચાનક હાથ અડી જતાં કમકમાટીભર્યુ મોત થતા. આજુબાજુના તેમના વિસ્તારના લોકો દોડી આવતા તાત્કાલિક ફતેપુરાની સરકારી દવાખાનામાં ૧૦૮ મારફતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં હાજર ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યો હતો.તેમના પરિવારમાં માતમ છવાઇ ગયો હતો ૧૧ કે.વી નીચે મકાન કેવી રીતે બન્યું કોને બનાવ્યું? અને કોને મંજૂરી આપી? હેવી લાઇન નીચે મકાન બનાવ્યું તો તેને સેફ્ટી માટે કેમ કોઈ આયોજન ન કર્યુ તો આ મકાન બનાવવા માટે મંજૂરી કોણે આપી? એવા અનેક મુદ્દાઓ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે સમાચાર લખાય ત્યારે હાલ પોલીસે ઘટના સબંધી સીઆરપીસી મુજબ કાગળિયા કરવાની તજવીજ હાથ ધરી હોવાનુ હોવાનું જાણવા મળેલ છે.

## લીમખેડાની ટુટાઘાટી ગામની સગીરાનું અપહરણ કર્યાની ફરીયાદ

દાહોદ,

લીમખેડા તાલુકાના ટુટાઘાટી ગામેથી એક ૧૫ વર્ષીય સગીરાને અજાણ્યો યુવક અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરા ગત તા.૦૧મી સપ્ટેમ્બરના રોજ પોતાના ઘરે હાજર હતી. આ દરમ્યાન એક અજાણ્યો યુવક તેના ઘરે આવી સગીરાને તેના ઘર તરફથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાની માતાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ૨૦૦ લોકોની શરત સાથે ગરબાની મંજૂરી આપવા સરકાર વિચારણા કરી રહી છેઃ નીતિન પટેલ

ગાંધીનગર,

હાલ કોરોના કાળમાં નવરાત્રિની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પણ કોરોનાનાં વધતાં જતાં કેસોને લઈ સરકારે હજુ કોઈ પ્રતિક્રિયા આપી નથી. તેવામાં ગરબાના રસિકો માટે રાહતના સમાચાર મળી શકે છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે નવરાત્રિને લઈ મોટું નિવેદન આપ્યું છે. અને શેરી ગરબાને લઈ હાલ રૂપાણી સરકાર વિચારણા કરી રહી હોવાનું જણાવ્યું છે. ડેપ્યુટી સીએમ નીતિન પટેલે નવરાત્રિ અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, હાલ સરકારે શેરી ગરબા અંગે વિચારણા કરી રહી છે. અને ૨૦૦ લોકોની શરત સાથે ગરબાની મંજૂરી આપવામાં આવે તે અંગે હાલ સરકાર વિચારણા કરી રહી છે. કેન્દ્ર સરકારની અનલોક ૫ની ગાઈડલાઈન મુજબ છૂટછાટ મળી શકે છે તેવા સંકેત પણ નીતિન પટેલે આપ્યા હતા.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## લોકોની પડતી મુશ્કેલી દુર કરવા માંગ

# ગોધરા શહેરના હાર્દસમા સૈયદવાડા પાસે જોખમી બનેલ રસ્તાનો ખાડો

- ઘણા સમયથી રજૂઆત કરવા છતાં નગર પાલિકા દ્વારા મરામત માટે ઉદાસીન.
- રસ્તા ઉપરથી પસાર થતા રાહદારીઓ અને વાહન ચાલકોને મુશ્કેલી.
- ચોમાસા એ વિદાય લીધી છતાં પાલિકા દ્વારા મરામતની અનદેખી.
- ખાનગી એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઈ જવાયેલી એક ગર્ભવતી મહિલાને ખાડાને લીધે પ્રસૂતિ થઈ.

ગોધરા, છેલ્લા કેટલાક સમયથી ગોધરા નગરપાલિકા દ્વારા ચોમાસા દરમ્યાન રસ્તાઓની મરામત કરવાના અભાવે શહેરના હાર્દસમાં સૈયદવાડા પાસેના રોડ ઉપર જોખમી ખાડાના લીધે આવતા જતા રાહદારીઓ અને વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે. આથી વહેલીતકે આ રોડનું કામ કરવાની માંગ ઊઠી છે.

જૂન માસ માથે હોવા છતાં ગોધરા નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ જાહેર રસ્તાઓ કે સોસાયટીના આંતરિક રસ્તાની મરામત કરવાનું ચુકી ગયું હતું. સરકાર પાસથી ગ્રાન્ટ ફાળવણી તથા પાલિકાના બજેટમાંથી પણ રસ્તાઓની મરામત કરવાની જોગવાઈ છે. તેમ છતાં કામગીરી ન કરાતા અગાઉ પડેલા રસ્તાઓ ઉપર વાહનોની અવરજવરના કારણે અને રોડની ગુણવત્તા વિહોણી તકલાદી કામ કરવાને પગલે દિનપ્રતિદિન ખાડા ઊંડા થઈને ઠેરઠેર ખાબોચીયા રચાયા હતા અને વરસાદના કારણે ખાડામાં દિવસો સુધી પાણી ભરાઈ રહેવાની સાથે લોકોને અવરજવર કરવામાં તકલીફ પડી રહી હતી. અવારનવાર માંગણી કરવા છતાં પાલિકાના સભ્યો દ્વારા ગ્રાન્ટ જેવા બહાના દર્શાવીને વિકાસના કામ અંગે આંખ આડા કાન કરવામાં આવ્યું હતું. લોકોને પડી રહેલી વિપદા અંગે નગરપાલિકા ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરવા છતાં કામ બાબતે ઠાલા વચનો આપ્યા હતા. હવે જાણે ચોમાસું વિદાય લીધું છે. ત્યારે શહેરના વિવિધ વિસ્તારોના બિસ્માર બનેલા રોડની મરામત કરવામાં ઉદાસીનતા સેવાતા હાલ શહેરીજનોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. ઘણા રસ્તાઓ બિસ્માર હોવાની સાથે ખાડાઓ સર્જાયેલા છે.

જેમાં ગોધરા શહેરના હાર્દસમા સૈયદવાડા પાસેના રોડ ઉપર મસમોટો ખાડો સર્જાયેલ જોવા મળે છે. આ હાર્દ સમો સૈયદવાડામાં અનેક રહેણાંક તથા અનેક વેપારીઓની દુકાન આવેલી છે. અહીંથી જીલ્લાભરમાંથી ખરીદી અર્થે મોટી સંખ્યામાં ગ્રાહકો આવતા હોય છે અને સ્થાનિક લોકોની અવરજવર રહે છે. તેઓ આ બિસ્માર રસ્તામાં સર્જાયલા ખાડા જોખમી હોવાની સાથે મુશ્કેલી વેઠવી પડી રહી છે. તાજેતરમાં અહીંથી પસાર થતી એક ખાનગી એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઈ જવાતી પ્રસૂતિ મહિલાને આ ખાડાના લીધે પીડા વેઠવી પડીને પ્રસૂતિ થઈ હતી. ત્યારે પાલિકા વહેલી તકે જાગૃત બનીને આ સૈયદવાડાનો ખાડો પૂરે તેવી માંગ ઊઠી છે. ત્યારે પાલિકા જાગશે ?

## પ્રારંભિક તબક્કે માત્ર રોજ એક હુકમ વેબસાઈટ પર મુકાશે : હવે, હાઈકોર્ટના પસંદગીના ચુકાદા ગુજરાતીમાં મુકાશે

અમદાવાદ, ગુજરાતના સામાન્ય લોકોના હિતાર્થે ગુજરાત હાઈકોર્ટે બહુ મહત્વનો નિર્ણય લીધો છે. હાઈકોર્ટની આર્ટિફિશીયલ ઈન્ટેલીજનસ કમિટીના જજની ભલામણ બાઈ, હાઈકોર્ટના ચીફ જસ્ટિસે નિર્દેશ આપ્યો છે કે, હાઈકોર્ટની વેબસાઈટ પર દરરોજ એક આદેશ કે ચુકાદો ગુજરાતીમાં મૂકવામાં આવશે. જેમાં સામાજીક મુદ્દાઓ પર હાઈકોર્ટ આપેલા સારા આદેશ કે ચુકાદાઓની પસંદગી થશે અને પછી તેનું ગુજરાતમાં ભાષાંતર કરીને મૂકવામાં આવશે. ગુજરાતીમાં મૂકવામાં આવનાર આ આદેશ કે ચુકાદાઓમાં ઓફિશીયલ ઉપયોગ માટે જરૂરી સામાન્ય માહિતીને જણાવવાં આવશે. હાઈકોર્ટ જે રીતે તેના ચુકાદાઓ અંગ્રેજીમાં આપે છે. તે જ સત્તાવાર રીતે માન્ય ગણાશે.

ગુજરાતીમાં આદેશ કે ચુકાદાઓ મેળવવા માટે હાઈકોર્ટની વેબસાઈટ પર એક અલગથી પેજની રચના કરાશે. જેનું નામ " Order/ Judgement in Gujarati " રાખવામાં આવેલું છે. કોઈએ પણ ગુજરાતીમાં હાઈકોર્ટના આદેશ કે ચુકાવા જોવા હશે તો આ વેબપેજ પર જઈને ક્લીક કરવાનું રહેશે. મહત્વનું છે કે, ગુજરાત હાઈકોર્ટની તમામ કામગીરી અંગ્રેજીમાં થાય છે. જેના લીધે જે લોકો અંગ્રેજી જાણતા નથી. તેમને બહુ મુશ્કેલીઓ પડતી હતી. જો કે, હાઈકોર્ટે હવે પસંદગીના આદેશ કે ચુકાદાઓ ગુજરાતીમાં આપવાનો જે નિર્ણય ક્ર્યો છે, તેના લીધે સામાન્ય લોકોને થોડા અંશે રાહત મળી શકે છે.

## પંચમહાલ જિલ્લામાં કોરોના સક્રિય કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો : આજે કોરોના સંક્રમણના નવા ૦૯ કેસો નોંધાયા

ગોધરા, પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના સક્રિય દર્દીઓની સંખ્યામાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે. આજે કોવિડ-૧૯ સંક્રમણના ૦૯ નવા કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૨૩૯૮ થઈ છે. ૨૩ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં ૧૯૫ સક્રિય દર્દીઓ રહ્યા છે. જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા કેસો પૈકી જિલ્લાના શહેરી વિસ્તારોમાંથી ૮ કેસો અને ગ્રામ્ય વિસ્તારોમાંથી ૦૧ કેસ મળી આવ્યા છે. ગોધરા શહેરમાંથી ૦૩, હાલોલ ૦૫ અને કાલોલમાંથી ૦૧ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૧૮૫૩ કેસ નોંધાયા છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૨૩ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૨૦૯૪ થવા પામી છે. જિલ્લામાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૧૯૫ થઈ છે, જેમની સારવાર ચાલી રહી છે.

- ૨૩ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- હાલની સ્થિતિએ ૧૯૫ વ્યક્તિઓ સારવાર હેઠળ.
- કુલ કેસનો આંક ૨૩૯૮.
- ૨૦૯૪ વ્યક્તિઓ કોરોનાને પછડાટ આપી હોસ્પિટલમાંથી પરત.

## ગોધરા તાલુકાના બગીડોળ થી પાંડવા કઠોડીયાને જોડતા બિસ્માર રસ્તાનું પેચવર્ક કરવામાં આવતા વાહન ચાલકોમાં આનંદ

ગોધરા, ગોધરા તાલુકાના બગીડોળ અંબાલી થી પાંડવા ગામને જોડતા ખખડધજ માર્ગને લઈ વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા હતા. જેવા વાહન ચાલકો માટે રાહત ખખડધજ રસ્તાનું પેચવર્ક કરવામાં આવ્યું. ગોધરા તાલુકાના બગીડોળ અંબાલી થી પાંડવા કઠોડીયા ગામને જોડતા માર્ગ ખખડધજ હાલતમાં હોવાથી વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા હતા. અમદાવાદ-ઈન્દોર હાઈવે રોડ ઉપર વાવડી ખુર્દ ગામ પાસે ટોલબુથ ઉપર બે થી પાંચ કિલોમીટરનું અંતર પસાર કરવા માટે પણ વાહન ચાલકોને તગડો ટોલ ટેક્સ ચુકવવો પડતો હોય જેને લઈ અમુક વાહન ચાલકો બગીડોળ થી પાંડવા કઠોડીયા ગામને જોડતા માર્ગનો ઉપયોગ કરતા હતા. આ માર્ગ પણ છેલ્લા ઘણા સમયથી ખખડધજ થતાં આ માર્ગ ઉપરથી વાહન લઈને પસાર થતા વાહન ચાલકો મુશ્કેલીઓ વેઠી રહ્યા હતા. હાલમાં આ બિસ્માર રસ્તાનું પેજ કર્વ કરવામાં આવતાં વાહન ચાલકોમાં આનંદ જોવા મળી રહ્યો છે.

## પાવાગઢ અને નિજ મંદિરના રીનોવેશનના કામ દરમ્યાન રસોડા અને ઓફિસનો ભાગ ધારાશાહી થયો


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ, પાવાગઢ યાત્રાધામ ખાતે નિજ મંદિરના રીનોવેશન કામગીરી કરવામાં આવી હતી. મંદિરના રસોડા પાસનો ભાગ તોડવામાં આવતો હતો. દરમ્યાન મશીના જર્કને લઈ ઓફિસનો ભાગ ધારાશાહી થયો છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે નિજ મંદિરના રસોડાની પાસે આવેલ ઓફિસના રીનોવેશન કામગીરી હાથ ધરવામાં આવી છે. જેને લઈ જુની જર્જરીત ઈમારતને મશીન અને મજુરો દ્વારા તોડવામાં આવી હતી. ઓફિસનો ભાગ મશીનથી તોડતા હતા. તે દરમ્યાન મશીનના જર્કને લઈ રસોડા અને ઓફિસનો ભાગ ધારાશાહી થવા પામ્યો હતો. ઈમારત ધારાશાહી સદ્દનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી.


## શહેરાની શ્રી મુક્તાજીવન સ્વામીબાપા આર્ટસ કોલેજ વાઘજીપુરનું ગૌરવ

ગોધરા, શ્રી મુક્તજીવન સ્વામીબાપા માર્ટસ કોલેજ, વાઘજીપુરના વિદ્વાન પ્રોફેસરોને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીએ Ph.D. ના ગાઈડ તરીકે માન્યતા આપી છે. જેમાં ગુજરાતી વિષયમાં કોલેજના કા.આચાર્ય ડો.અશોકભાઈ પી.બારીઆ તેમજ હિન્દી વિષયમાં ડો.નરેશકુમાર કે.પટેલ અને ઈતિહાસ વિષયમાં ડો.સાબતસિંહ એલ. પટેલ આમ ત્રણ વિદ્વાન પ્રોફેસરોને યુનિવર્સિટીએ પીએચ.ડી. ના ગાઈડ તરીકે માન્યતા આપી છે. જે બદલ કોલેજનું તેમજ સમગ્ર સમાજમાં ખુબ મોટું નામ રોશન કરેલ છે. જેનાથી હવે કોલેજના અદયાપકો અને ઉચ્ચ શિક્ષણમાં Ph.D. કરનાર વિદ્યાર્થીઓ તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરશે અને કારકીર્દીની સફર સર કરશે.


### નિમંત્રણ

નવિન જીલ્લા પંચાયત ભવનના ગોધરા ખાતે
ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમ મુ.મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ના વરદ્ હસ્તે
અને શ્રી જયદ્રથસિંહ પરમાર રાજ્યકક્ષાના મંત્રી, કૃષિ, પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) ની ઉપસ્થિતિમાં થતાં ભાવભર્યું નિમંત્રણ.


શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત


શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્ય મંત્રી, ગુજરાત


શ્રી જયદ્રથસિંહ પરમાર
રાજ્ય કક્ષાના મંત્રી, કૃષિ, પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો)


શ્રી રાજપાલસિંહ જાદવ
પ્રમુખ, જીલ્લા પંચાયત, પંચમહાલ - ગોધરા



### સમારોહના મુખ્ય મહેમાન

શ્રી રતનસિંહ રાઠોડ
માન.સાંસદ, પંચમહાલ

શ્રી જેઠાભાઈ આહિર (ભરવાડ)
માન.ધારાસભ્ય, શહેરા

શ્રીમતી ગીતાબેન રાઠવા
માન.સાંસદ, છોટાઉદેપુર

શ્રી સી.કે. રાઉલજી
માન.ધારાસભ્ય, ગોધરા

તા.૦૫/૧૦/૨૦૨૦, સોમવાર
સમય : સવારે ૧૦ કલાકે.

શ્રીમતી સુમનબેન ચૌહાણ
માન.ધારાસભ્ય, કાલોલ

સ્થળ : જૂની જીલ્લા પંચાયત કચેરી, ગોધરા.

### નિમંત્રક

એ.જે. શાહ (IAS)
જીલ્લા વિકાસ અધિકારી
પંચમહાલ-ગોધરા

રાજપાલસિંહ જાદવ
પ્રમુખ, જીલ્લા પંચાયત
પંચમહાલ-ગોધરા

અમિત અરોરા(IAS)
કલેક્ટર અને જીલ્લા
મેજીસ્ટ્રેટ પંચમહાલ-ગોધરા

કાર્યપાલક ઈજનેર
જાહેર બાંધકામ શાખા, જીલ્લા
પંચાયત પંચમહાલ ગોધરા

---

નવિન જીલ્લા પંચાયત ભવનના ગોધરા ખાતે
ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમ મુ.મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ના વરદ્ હસ્તે અને શ્રી જયદ્રથસિંહ પરમાર રાજ્યકક્ષાના મંત્રી, કૃષિ, પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) ની ઉપસ્થિતિમાં થતાં આવકારીએ છીએ.....


કેતુબેન એમ. દેસાઈ
(જાંબુઘોડા)
મા.પ્રમુખ જીલ્લા પંચાયત
પંચમહાલ-ગોધરા


મયંકભાઈ જી. દેસાઈ
જાંબુઘોડા

---


સવીતાબેન એ. સુથાર
(મોરવા(હ))
સભ્ય જીલ્લા પંચાયત
પંચમહાલ-ગોધરા

નવિન જીલ્લા પંચાયત ભવનના ગોધરા ખાતે ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમ મુ.મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ના વરદ્ હસ્તે અને શ્રી જયદ્રથસિંહ પરમાર રાજ્યકક્ષાના મંત્રી, કૃષિ, પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) ની ઉપસ્થિતિમાં થતાં આવકારીએ છીએ.....

---

નવિન જીલ્લા પંચાયત ભવનના ગોધરા ખાતે ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમ મુ.મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ના વરદ્ હસ્તે અને શ્રી જયદ્રથસિંહ પરમાર રાજ્યકક્ષાના મંત્રી, કૃષિ, પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) ની ઉપસ્થિતિમાં થતાં આવકારીએ છીએ.....


પ્રતાપસિંહ આર. રાઠોડ
ચેરમેન બાંધકામ કમિટી,
જીલ્લા પંચાયત પંચમહાલ-ગોધરા

---

નવિન જીલ્લા પંચાયત ભવનના ગોધરા ખાતે ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમ મુ.મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ના વરદ્ હસ્તે અને શ્રી જયદ્રથસિંહ પરમાર રાજ્યકક્ષાના મંત્રી, કૃષિ, પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) ની ઉપસ્થિતિમાં થતાં આવકારીએ છીએ.....


રશ્મિકાબેન જે. પટેલ
મા.પ્રમુખ
જીલ્લા પંચાયત પંચમહાલ-ગોધરા


Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 38